## હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ




ફ્રેન્ડશીપ ખરી પરંતુ... તમારી સરકારની આ ટર્મ પૂરતી જ...!!



સંસ્કાર ગ્રુપના બાળકો દ્વારા વૃક્ષોને ફ્રેન્ડશીપ ડે બાંધીને અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી.

# સિવિલના પીએમ રૂમમાં પાણી ટપકતા શોર્ટ સર્કિટનો ભય

ગાંધીનગર,તા.૪

ગાંધીનગર શહેરની સિવિલ હોસ્પિટલના પોસ્ટમોર્ટમ રૂમમાં કોલ્ડ સ્ટોરેજમાં સતત પાણી ટપકતા શોર્ટ સર્કિટનો ભય ઉભો થયો છે. શોર્ટ સર્કિટને પગલે એક તરફનું કોલ્ડ સ્ટોરેજ બંધ કરવામાં આવ્યું છે. જયારે સિવિલ હોસ્પિટલમાં પણ વિવિધ વોર્ડમાં વરસાદી પાણી ટપકતા ડોલ મુકવાની ફરજ પડી છે. ત્યારે તંત્ર દ્વારા સિવિલ માટે ખર્ચાયેલા કરોડો રૂપીયા પાણીમાં ગયા હોય તેમ લાગી રહ્યું છે.

પાટનગરની જીએમઈઆરએસ સંચાલિત હોસ્પિટલમાં પીએમ રૂમ ખાતે આવેલા કોલ્ડ સ્ટોરેજના બે વિભાગો છેલ્લા બે દિવસથી બંધ હાલતમાં હતા. કોમ્પ્રેશરમાં ગંભીર ક્ષતિ સર્જાઈ હોવાથી કોલ્ડ સ્ટોરેજ બંધ હતું. પરંતુ તંત્ર દ્વારા તાત્કાલીક ધોરણે રીપેરીંગ કરાવીને એક તરફનું કોલ્ડ સ્ટોરેજ શરુ કરાવ્યું છે. બીજી તરફના કોલ્ડ સ્ટોરેજમાં સતત પાણી ટપકવાથી શોર્ટ સર્કિટ તેમજ કરંટનો ભય લાગતા કર્મચારીઓ પણ દુર ભાગી રહ્યા છે. જેથી એક તરફનું કોલ્ડ સ્ટોરેજ સદંતર બંધ કરી દેવામાં આવ્યું છે. તેમ છતા સિવિલ તંત્ર પાસે મૃતદેહ કોલ્ડ સ્ટોરેજમાં મુકાય તેવી વ્યવસ્થા છે. ત્યારે સિવિલમાં પીએમ રૂમની જેમ અન્ય વિભાગો તેમજ વોર્ડમાં પણ છતમાંથી પાણી ટપકવાથી વ્યાપક ફરીયાદો ઉઠવા પામી છે. છતમાંથી ટપકતા પાણીને પગલે વોર્ડના ઈન્ચાર્જે વોર્ડમાં ડોલ મુકવાની ફરજ પડી છે. સિવિલના વોશરૂમ કે ટોઈલેટમાં પાણી આવતું નથી. પરંતુ બિન જરુરી પાણીનો વેડફાટ વધુ થાય છે. સિવિલમાં કેટલાક વિભાગોમાં પાણી ઉતરવા કર્મચારીઓ મુકીને સાફ સફાઈ કરાવવાની જરુર પડે છે. ત્યારે કરોડો રૂપીયાના ખર્ચે ઉભી કરાયેલી હોસ્પિટલમાં પાણીની સમસ્યા ખુબ જ વકરી છે. ત્યારે છતમાંથી ટપકતું પાણી સત્વરે બંધ થાય તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

# શ્રી અમરનાથ જલાભિષેક કાવડ પદયાત્રાનો પ્રારંભ

## ૪ ઓગષ્ટે ઓઢવ અમદાવાદથી નીકળી બમ બમ ભોલેના નારાઓ સાથે ગાંધીનગર પાસે આવેલા પવિત્ર અમરનાથ ધામ જવા રવાના

ગાંધીનગર, તા. ૪

રાજયમાં છઠ્ઠી શિવ આરાધના મહાપર્વ પવિત્ર શ્રાવણ માસના શુભ અવસરે વિશ્વ કલ્યાણ સંસ્થા-અમરનાથ ધામ તથા જય અંબે મિત્ર મંડળ ઓઢવ દ્વારા તા. ૪ ઓગષ્ટ, રવિવારના રોજ સવારે ૯ કલાકે 'શ્રી અમરનાથ જલાભિષેક કાવડ પદયાત્રા'નો પ્રારંભ ભક્તિભાવ સાથે કરવામાં આવ્યો હતો. ૫ હજારથી વધુ શ્રદ્ધાળુઓ ગંગાજળ ભરેલા કાવડ લઈને પદયાત્રામાં જોડાયા છે. આ પદયાત્રા તા. ૫ ઓગષ્ટ શ્રાવણ માસના પ્રથમ સોમવારે પવિત્ર અમરનાથ ધામ પહોંચશે. ત્યાં આવેલા દ્વાદશ જ્યોતિલિંગ પર જલાભિષેક કરશે.



આ કાવડિયાત્રાનો પ્રારંભ અમદાવાદના શ્રી



શ્રી ૧૦૦૮ વજ પીઠાધીશ્વર મહામંડલેશ્વર રાજેન્દ્ર ગિરીજી મહારાજ તથા પરમ પૂજ્ય સંત લક્ષ્મણદાસજી મહારાજ (રણછોડરાયજી મંદિર, સરસપુર) તથા અમરનાથધામના મેનેજિંગ ટ્રસ્ટી દિપકભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યો.

અમરનાથધામના મેનેજિંગ ટ્રસ્ટી દિપકભાઈ પટેલે જલાભિષેક કાવડ પદયાત્રા અંગે જણાવ્યું કે વિષપાનના અનિષ્ટનો પ્રભાવ રોકવા માટે બ્રહ્માજીએ શિવના અગ્નિને પાણી દ્વારા શાંત કરવા સલાહ આપી હતી. તેથી શ્રાવણ માસમાં કાવડીયાઓ પાણી લઈને ભગવાન શિવના શિવલિંગ પર જલાભિષેક કરે છે. આ કથા અનુસાર પુરા ભારતમાં કાવડ યાત્રાની શરૂઆત થઈ છે.

બધા જ કાવડિયાઓ તા. ૪ ઓગષ્ટ રવિવારના રોજ વરસાદી માહોલમાં નીકળ્યા હતા. બધા કાવડિયાઓ શિવ ભક્તિ અને ભોલેનાથને ગંગાજળ ચઢાવવામાં એટલા તો ભક્તિમય હતા કે અતિશય વરસાદની ચિંતા કર્યા વગર તેઓ ૫૫ કિલોમીટરની પદયાત્રા કરી રહ્યાં છે. આવા વાતાવરણમાં પણ કાવડિયાઓ 'બોલ બમ', 'બમ બમ ભોલે', અને 'બોલ કાવડિયા બોલ બમ'ના નારાઓ સાથે શ્રાવણ માસના પ્રથમ સોમવારે તા. ૫ ઓગષ્ટના રોજ ગાંધીનગર પાસે આવેલા પવિત્ર અમરનાથધામ પહોંચશે.

# જિલ્લાકક્ષાના ૭૦ વન મહોત્સવ અને મહિલા નેતૃત્વ દિવસની ઉજવણી માણસા ખાતે કરાઈ

ગાંધીનગર, તા. ૪

વૃક્ષારોપણ કાર્યક્રમમાં દરેક વ્યક્તિએ સામાજિક ભાગીદારી અને નૈતિક મૂલ્યના ભાગરૂપે જોડાવવું જોઈએ, તેવું આજરોજ ગાંધીનગર જિલ્લા કક્ષાના ૭૦મા વન મહોત્સવની માણસા ખાતે કરાયેલી ઉજવણીમાં ગુજરાત રાજય બિનઅનામત વર્ગ શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમના ઉપાધ્યક્ષ વિમલભાઈ દિનેશચંદ્ર ઉપાધ્યાયે જણાવ્યું હતું.

૭૦મા વન મહોત્સવનું દીપ પ્રાગટય કરીને ગુજરાત રાજય બિનઅનામત વર્ગ શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમના ઉપાધ્યક્ષ વિમલભાઈ દિનેશચંદ્ર ઉપાધ્યાયે જણાવ્યું હતું કે, સરકાર સમાજને ચલાવવાનું નહિ, પણ દોરવણીનું કામ કરે છે. વૃક્ષરોપણનું કામ આવતીકાલની પેઢી માટે કરવાનું છે, જેથી વૃક્ષરોપણનું કાર્ય એ સરકારની જવાબદારી નહિ, પણ આપણા સૌની જવાબદારી છે. આ વર્ષે સરકાર દ્વારા વૃક્ષારોપણ મહોત્સવ સાચા અર્થમાં સાર્થક કરવા માટે ધાર્મિક-સામાજિક સંસ્થાઓ સાથે કર્મયોગીઓને કલસ્ટર અનુસાર જોડવામાં આવ્યા છે. આ વર્ષે રોપણ થનાર વૃક્ષોમાંથી મોટી સંખ્યામાં વૃક્ષો ઉગે તેવું આયોજન કરવામાં આવ્યું છે. તેમણે સહકારી ક્ષેત્રે ઉમદા કાર્ય કરનાર મોતીભાઈ ચૌધરી અને દેશના ગૃહ રાજયમંત્રી અમીત શાહ માણસાના હતા, તેવું કહી ઉપસ્થિત સર્વ નગરજનોને વૃક્ષારોપણનું કાર્ય પણ જન આંદોલન રૂપે કરવા



માટે અપીલ કરી હતી.

ગાંધીનગર જિલ્લા કલેકટર એસ.કે. લાંગાએ જણાવ્યું હતું કે, ગઈકાલે રાત્રિના સુમારે પડેલા આશરે સાડા ચાર ઈંચ વરસાદે જ આજના જિલ્લા કક્ષાના વન મહોત્સવની ઉજવણી માટેના આર્શીવાદ કુદરતે આપણને આપ્યા હોય તેવું લાગે છે. સમગ્ર જિલ્લામાં સરકારી નર્સરીમાં ૧૯ લાખ અને ખાનગી નર્સરીમાં ૨ લાખ મળી કુલ ૨૧ લાખ રોપાઓનું વાવેતર કરવામાંઆવનાર છે. જેમાંથી ૧૧ લાખ જેટલા રોપાઓનું વાવેતર થઈ ગયું છે.

ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલે જણાવ્યું હતું કે, કવિ કાલીદાસ જે ડાળી પર બેઠા હતા, તે જ ડાળ કાપી રહ્યા હતા જેથી તેમને લોકો મૂર્ખ કહેતા હતા. પરંતુ આજે આપણે સૌ જીવનની અને પર્યાવરણની ડાળી રૂપ વૃક્ષોને કાપવાનું જ કાર્ય કરીએ છીએ. દુનિયાની કોઈ ફેકટરી વૃક્ષો ઉગાડી શકશે નહિ કે હવા અને પાણી બનાવી શકશે નહી, તેવું કહી લોકોને વૃક્ષોનું ધાર્મિક અને જીવનમાં કેટલું મહત્વ છે, તેની રસપ્રદ વાત કરી હતી.

# ચેક પરત થવાના કેસમાં આરોપીનો નિર્દોષ છુટકારો

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર આ કેસના ગીરીશભાઈ બાલચંદભાઈ શાહ તેમજ યોગેશ પટેલ અને પ્રકાશભાઈ રાવલ વર્ષ ૨૦૧૫ થી ભાગીદારીમાં ધંધો કરતા હતા. જયારે આ કેસના ફરિયાદીના પતિ ગીરીશભાઈ બાલચંદભાઈ શાહનુ તા ૨૫ ઓકટોબર વર્ષ ૨૦૧૮ના રોજ અવસાન થયુ હતુ. જેથી ભાગીદારીમાં ધંધો હોવાથી ભાગીદારીના ધંધામાંથી તેણીના પતિનો હક્ક હીસ્સો માંગ્યો હતો. જેથી આરોપી વિરાજ પ્રવિણભાઈ પટેલે તેમની ભાગીદારીના ધંધામાંથી રૂ ૯.૨૦ લાખની રકમનો ચેક તેણીને આપ્યો હતો. જયારે બાકીની રકમ ૧૫ દિવસમાં ચુકવી આપવા જણાંવ્યુ હતુ. જયારે આ ચેક બેંકમાંથી પરત થતા આરોપીએ ફરિયાદી સુધાબેન ગીરીશભાઈ શાહને રૂ ૧૨ લાખનો બીજો ચેક આપ્યો હતો. આ ચેક પણ પરત થયો હતો. જેથી ફરિયાદીએ વકીલ મારફતે આરોપી વિરુધ્ધ ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ ૧૩૮ અન્વયે કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી. આ કેસ ગાંધીનગરની પાંચમાં એડીશ્નલ ચીફ જયુ મેજી ની કોર્ટમાં ચાલી જતા આરોપી તરફેના વકીલ તરીકે બી આર શર્માએ હાજર રહી દલીલો કરી હતી. જેના અંતે પુરાવાઓ તેમજ વકીલની દલીલોને ધ્યાને લઈ પાંચમાં એડીશ્નલ ચીફ જયુ મેજી પુજનકુમારી લક્ષ્મણ દાસે આરોપી વિરાજ પ્રવિણ પટેલને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કર્યો છે.

# ચિલોડા પીંપળાવાળા વાસનો તોતિંગ પીંપળાનુ વૃક્ષ ધરાશયી

ગાંધીનગર તાલુકાના ચિલોડા ગામના મુખ્ય પ્રવેશદ્વારે આવેલા પીપળાવાળો વાસ પાસે જૂનો જર્જરીત તોતિંગ પીપળાનુ વૃક્ષ અચાનક ધરાસયી થતં વીજથાંભાના જીવંત તાર પર પડતાં તાર અને થાંભલો તૂટી જતાં નજીકના રહીશોમાં દોડધામ મચી જવા પામી હતી. આ તુટી પડેલા તોતિંગ ઝાડની નજીક આંગણવાડી, બહુચરમાતાજીનું મંદિર, હવાડો અને પાણીની ઓવરહેડ ટાંકી તથા રહીશોના મકાનો રવિવારે આંગણવાડીમાં રજાના દિવસ હોવાથી કોઈ જાનહાની ન થતાં તેમજ સતત અવરજવરવાળો વિસ્તારમાં કોઈ રસ્તામાં આ સમયે પસાર ન થતાં કોઈ જાનહાનિ થવા પામી નહોતી.



# વિરોધીઓના પડકાર અને અટકળો સામે વિજય મેળવી રૂપાણી ૭મી ઓગષ્ટે ત્રણ વર્ષ પૂર્ણ કરશે

## "હું જે ખુરશી પર બેસી રહ્યો છું એ ખુરશી ક્યારેય મારી ઉપર નહીં બેસે": રૂપાણી

લોકોનો ગમે તેવું, લોકો માટે અને લોકો વડે જે શાસન કરવામાં આવે તેને સ્વિકૃતિ મળતી હોય છે. ગુજરાતમાં ઘણાં મુખ્યમંત્રી એવા હતા કે જેમણે શાસનમાં જનતાના હિતને લક્ષ્યમાં રાખ્યું છે, ગુજરાતને પ્રગતિના રાહ પર લઈ જતા ઘણાં મુખ્યમંત્રીઓ આવી ગયા પરંતુ શાંત, સરળ અને શાલીનતા ધરાવતા નેતા વિજય રૂપાણી છે. ૭મી ઓગષ્ટ ૨૦૧૬ના રોજ વિજય રૂપાણીએ મુખ્યમંત્રી પદની શપથ લીધી હતી. તેમણે જયારે પદગ્રહણ કર્યું ત્યારે પાર્ટીના કેટલાક નેતાઓ કહેતા હતા કે રૂપાણી એક્સિડેન્ટલ ચીફ મિનિસ્ટર છે તેથી ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણી પહેલાં બદલાઈ જશે પરંતુ તેમ થયું નથી. આજે જશે... કાલે જશે... તેવી અટકળો તેમજ વિરોધીઓના પડકારો વચ્ચે વિજય રૂપાણી ૭મી ઓગષ્ટે શાસનના ત્રણ વર્ષ એટલે કે ૧૦૯૫ દિવસ પુરાં કરશે. આ દિવસે તેઓ ૨૬,૨૬૦ કલાકનું શાસન પૂર્ણ કરશે. આ ત્રણ વર્ષમાં ૨૦૧૭ની વિધાનસભા, ૨૦૧૯ની લોકસભા તેમજ જૂનાગઢ મહાનગરની ચૂંટણીમાં તેમણે નેતૃત્વ નિભાવ્યું છે. ત્રણ વર્ષના સમયમાં રાજ્યમાં જેટલી પેટા ચૂંટણીઓ આવી તેમાં પણ ભાજપને વિજય મળ્યો છે. છેલ્લા ત્રણ વર્ષમાં વિજય રૂપાણીએ

## ૨૬,૨૬૦ દિવસોમાં ૬૦૦ પ્રજાલક્ષી નિર્ણય, ૧૧૯૮ ભ્રષ્ટ લોકો સામે કાર્યવાહી કરી

૬૦૦ જેટલા પ્રજાલક્ષી નિર્ણય લીધા છે. પ્રગતિશીલ, નિર્ણાયક, પ્રામાણિક અને સંવેદનશીલ એ તેમના શાસનના મુખ્ય સૂત્રો છે.

**શાસનની સિલ્વર જ્યુબિલી તરફ કૂચ...**

ગુજરાતમાં ૨૦૨૦માં ભાજપ તેના શાસનની સિલ્વર જ્યુબિલી ઉજવશે, કેમ કે છેલ્લા ૨૫ વર્ષથી રાજ્યમાં કોંગ્રેસ સત્તા વિમુખ છે. આજે કોંગ્રેસ નામશેષ થઈ રહી છે ત્યારે ભાજપનો સૂર્ય મધ્યાહ્ને તપી રહ્યો છે. ભાજપમાં પહેલીવાર ૨૦૧૭માં નાયબ મુખ્યમંત્રીની પોસ્ટ ઉભી કરીને પાટીદાર નેતા નીતિન પટેલને મુખ્યમંત્રીની બરોબરીની સત્તા આપવામાં આવી છે. રાજ્યમાં વિધાનસભા કે લોકસભાની ચૂંટણીમાં કોંગ્રેસ ફાવી શકી નથી. ૨૦૧૪ અને ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં ભાજપને તમામ ૨૬ બેઠકો મળી છે. જો કે તેની પાછળનું મુખ્ય કારણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આક્રમક પ્રચાર અને તેમના કરિશ્મા છે, કે જેના થકી તેમણે દેશ અને ગુજરાતની જનતાના દિલ જીતી લીધાં છે. લોકસભાની ચૂંટણી પછી આવેલી જૂનાગઢ મહાનગરની ચૂંટણીમાં કોંગ્રેસને માત્ર એક બેઠક મળી છે એટલે કે કોંગ્રેસને વિપક્ષમાં પણ સ્થાન મળ્યું નથી. વિજય રૂપાણી પાટીદાર કે ઓબીસી સમાજમાં વર્ચસ્વ ધરાવતા નેતા નથી છતાં રાજ્યના તમામ સમાજને સાથે રાખીને શાસન કરી રહ્યાં હોવાથી તેમને વિવિધ સમાજનું પીઠબળ પ્રાપ્ત થયું છે. તેમણે સાબિત કર્યું છે કે સુશાસન કરવામાં જ્ઞાતિવાદ આડે આવતો નથી.

**શરૂઆતથી જ વિરોધનો વંટોળ હતો...**

ગુજરાતમાં રૂપાણીને જ્યારે મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા ત્યારથી તેમની સામે વિરોધનો વંટોળ શરૂ થયો હતો. દર છ મહિને એવી અટકળો વહેતી થતી હતી કે રાજ્યમાં નેતૃત્વ પરિવર્તન થશે. રૂપાણીના સ્થાને મનસુખ માંડવિયા કે પરસોત્તમ રૂપાલા મુખ્યમંત્રી બનશે, પરંતુ આ અટકળો પાર્ટીમાં તેમના વિરોધીઓએ ફેલાવેલી અફવા સાબિત થઈ છે. રાજ્યમાં નરેન્દ્ર મોદીએ ૨૦૦૧થી ૨૦૧૪ સુધી એટલે કે ૧૩ વર્ષનું શાસન કર્યું છે જે ગુજરાતનો એકમાત્ર રેકોર્ડ છે. તેમણે ૨૦૦૨, ૨૦૦૭ અને ૨૦૧૨ એમ સતત ત્રણ વખત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને બહુમતિ અપાવીને શાસન કર્યું છે. ચાર વખત મુખ્યમંત્રી બનવાનું તેમજ ત્રણ ટર્મ પૂર્ણ કરવાનું ગૌરવ તેમને મળ્યું હતું. ભારતના વડાપ્રધાન થયા પછી ગુજરાતમાં આનંદીબહેન પટેલને શાસનધૂરા સોંપવામાં આવી હતી પરંતુ કેટલાક કારણોસર તેમને ખસેડીને પાર્ટીએ વિજય રૂપાણીની પસંદગી કરી હતી. આ પસંદગી ખોટી પુરવાર થઈ નથી તેવું વિજય રૂપાણીએ ત્રણ વર્ષમાં સાબિત કરી દીધું છે.

**ત્રણ આંદોલનોમાં સરાહનિય કામગીરી...**

૭મી ઓગષ્ટ ૨૦૧૬માં તેમણે કહ્યું હતું કે—"હું આજે જે ખુરશી પર બેસી રહ્યો છું એ ખુરશી ક્યારેય મારી ઉપર નહીં બેસે." ખેડૂતો, મહિલાઓ, યુવાનો, વંચિતો અને વનબંધુઓના સમાજના તમામ લોકોને વિકાસની મુખ્ય ધારામાં લાવવામાં તેઓ સફળ રહ્યાં છે. હાર્દિક પટેલ, અલ્પેશ ઠાકોર અને જીજ્ઞેશ મેવાણી— એ રૂપાણી સરકારમાં મુખ્ય વિરોધી પરિબળો હતા. પાટીદાર અનામત આંદોલન, ઠાકોર સમાજની સમસ્યાઓ તેમજ વંચિતોના પડકારો તેમણે વહીવટી સુશાસન દ્વારા નિપટાવ્યા છે. બિન અનામત વર્ગમાં ૧૦ ટકા અનામત વિજય રૂપાણીનો મોટો વિજય એટલા માટે છે કે કેન્દ્રની આ જાહેરાતથી પાટીદાર અનામત આંદોલનનો અંત આવ્યો છે. બીજી તરફ ઠાકોર અને વંચિત સમાજના પ્રમુખ નેતાઓને



સાથે રાખી ત્રણ યુવા આંદોલનકારીઓની વિધ્વંશ પ્રવૃત્તિઓને કાબૂમાં લીધી છે. પરિણામ સ્વરૂપ હાર્દિક પટેલ અને જીજ્ઞેશ મેવાણીના તોફાની રાજકારણનો અંત આવ્યો છે અને અલ્પેશ ઠાકોર વિકાસના કામોથી અંજાઈને ભાજપમાં ભળી ગયો છે.

**ભ્રષ્ટાચાર નિયંત્રણ માટે શેહશરમ રાખી નથી...**

એન્ટી કરપ્શન બ્યુરો (એસીબી) ને વિશાળ સત્તા આપી તેમણે કોઈપણ પાર્ટીને જોયા વિના ભ્રષ્ટાચાર નિર્મૂલન માટેના કડક પગલાં ભર્યા છે. એસીબીએ ત્રણ વર્ષમાં ૬૨૫ કેસ કરી ૧૧૯૮ ભષ્ટ આરોપીઓ સામે કાર્યવાહી કરી છે. મહેસૂલી કાયદાઓમાં મોટાપાયે પરિવર્તન કરી ઓનલાઈન સિસ્ટમ વિકસાવી છે. કૃષિ, ઉદ્યોગ, શિક્ષણ, યુવાનોનું કૌશલ્ય નિર્માણ તેમજ નારી સશક્તિકરણને ત્રણ વર્ષમાં વેગ મળ્યો છે. લોકોની સુખાકારી માટે ત્રણ વર્ષમાં ૭૯ વિધેયકો થકી નવા કાયદા બનાવ્યા છે. રાજ્યના તમામ જિલ્લામાં રૂપાણીએ ૧૨૪૭ પ્રવાસ કર્યો છે. સરવાળે રૂપાણીએ રાજ્યમાં ૨.૬૦ લાખ કિલોમીટરનો પ્રવાસ કર્યો છે. એટલું જ નહીં ૨૧૦૪ સરકારી કાર્યક્રમો કરી ૨.૪૦ કરોડ લોકોનો સીધો સંપર્ક કર્યો છે. રૂપાણી ૨૩૬૪ જેટલા રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય મહાનુભાવોને મળ્યા છે.

**કિસાનો માટે વિપક્ષ પાસે મુદ્દા રહ્યાં નથી...**

વિપક્ષના નેતાઓ વારંવાર આક્ષેપો કરતા રહ્યાં હતા કે ગુજરાત સરકાર કિસાન વિરોધી છે પરંતુ રૂપાણીએ વિપક્ષોને આક્ષેપો કરવાની તક છીનવી લીધી છે. કિસાનો પાસેથી ૮૫૦૦ કરોડ રૂપિયાની ખેત ઉત્પાદનની ખરીદીમાં તેમણે રેકોર્ડ ઉભો કર્યો છે. ગુજરાતમાં આજે કૃષિ ઉત્પાદન ૧,૬૮,૪૩૩ કરોડ રૂપિયાનું થયું છે, જે ૧૯૯૫-૯૬ના વર્ષમાં માત્ર ૧૩,૪૯૧ કરોડ રૂપિયા હતું. ૨૪ વર્ષમાં કૃષિ ઉત્પાદનમાં ૧૨ ગણો વધારો થયો છે. ૧૩૫.૬૯ લાખ મેટ્રીકટન દૂધ ઉત્પાદન સાથે ગુજરાત આજે દેશમાં અગ્રણી રાજ્ય છે. રૂપાણીએ ૧.૧૮ લાખ યુવાનોને સરકારી સેવામાં નોકરી આપી છે. બીજી તરફ રાજ્યભરમાં થયેલા રોજગાર ભરતી મેળામાં ૧૧ લાખ યુવાનોને નોકરી મળી છે. શાંત સલામત ગુજરાતમાં મહિલા કલ્યાણના પણ અનેક કાર્યો થયાં છે. રાજ્યમાં મહિલા સેફ્ટિને વધારે મહત્વ આપવામાં આવ્યું છે.

**સ્માર્ટ સિટી અને સ્વચ્છ સર્વેમાં ગુજરાત અગ્રેસર...**

ગુજરાતના શહેરી વિકાસમાં રૂપાણીએ સાત સ્માર્ટસિટી પ્રોજેક્ટ પર કામ શરૂ કર્યું છે. દેશના ૧૦૦ સ્માર્ટ સિટીમાં અમદાવાદ પ્રથમ, સુરત ત્રીજા અને વડોદરા આઠમા ક્રમે આવ્યું છે. રાજ્યમાં અમદાવાદ (ધોલેરા), સુરત, વડોદરા, રાજકોટ, ગાંધીનગર (ગિફ્ટ) અને દાહોદને સ્માર્ટ સિટી મિશનમાં આવરી લેવામાં આવ્યા છે. બીજી તરફ સ્વચ્છ સર્વેક્ષણમાં દેશના પ્રથમ ૫૦ જિલ્લાઓમાં ગુજરાતના ૧૪ જિલ્લાઓનો સમાવેશ શક્ય બન્યો છે. જળસંચય, જળ સિંચન અને જળ વ્યવસ્થાપનના કાર્યોને સમગ્ર દેશમાં ઉચ્ચકક્ષાનું સ્થાન મળ્યું છે. ગુજરાતનું બિન પરંપરાગત ઉર્જાનું ઉત્પાદન વધીને ૭૯૨૨ મેગાવોટ થયું છે, જે એક મોટી ઉપલબ્ધિ છે.

**સીએમ ડેશબોર્ડનો પહેલીવાર પ્રયોગ...**

રૂપાણી સરકારનું મહત્વનું કદમ સીએમ ડેશબોર્ડ છે જેના કારણે લોકોના પ્રશ્નોનું પેન્ડન્સી લેવલ નીચું આવ્યું છે. ટેકનોલોજીના

## મુખ્યમંત્રીએ ૨૧૦૪ સરકારી કાર્યક્રમો કરી ૨.૪૦ કરોડ લોકોનો સીધો સંપર્ક કર્યો છે

ઉપયોગથી મુખ્યમંત્રી જિલ્લા અને તાલુકામાં યોજનાઓના કામોની સમીક્ષા ગાંધીનગરમાં બેઠાં કરી રહ્યાં છે. પાંચ સી— એટલે કે કમાન્ડ, કન્ટ્રોલ, કોમ્પ્યુટર, કોમ્યુનિકેશન અને કોમ્બેટના ફલકથી રાજ્ય સરકારના વિભાગોનું મોનિટરીંગ થાય છે. સીએમ ડેશબોર્ડમાં ૩૦૦૦ જેટલા પેરામિટર્સ-ઈન્ડીકેટર્સ મારફતે મહેસૂલ, કૃષિ, આરોગ્ય, શિક્ષણ, ઉર્જા અને માર્ગ-મકાન જેવા ૧૬ સેક્ટરને આવરી લેવામાં આવ્યા છે. એ ઉપરાંત સેવા સેતુ કાર્યક્રમમાં ૧.૭૦ કરોડ નાગરિકોની સમસ્યાઓનો સ્થળ પર ઉકેલ લાવવામાં આવ્યો છે.

**પાંચ નિર્ણયોની મહાત્મા મંદિરમાં જાહેરાત...**

૭મી ઓગષ્ટ ૨૦૧૯ના રોજ રૂપાણી તેમની સરકારના ત્રણ વર્ષ પૂરાં કરી રહી છે ત્યારે પાંચ મહત્વના કાર્યક્રમોની જાહેરાત કરવામાં આવશે જેમાં (૧)રાજ્યમાં જે વિદ્યાર્થીઓ પીએચડી કરે છે તેમને દર મહિને ૧૫૦૦૦ રૂપિયાનું સ્ટાઈપેન્ડ આપવામાં આવશે. સરકાર બે વર્ષ માટે પ્રત્યેક વિદ્યાર્થી માટે બે લાખની સહાય કરશે. પ્રથમ તબક્કામાં ૧૦૦૦ વિદ્યાર્થીઓને પસંદ કરવામાં આવશે. (૨)ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ પછીના ત્રણ લાખ વિદ્યાર્થીઓને ૧૦૦૦ રૂપિયાના ટોકન દરથી ફોર-જી એનેબલ્ડ નમો ઈ-ટેબ આપવામાં આવશે. (૩) રાજ્યના કૃષિ સેક્ટરમાં ખેડૂતોને સાધન સહાય આપવામાં આવશે. (૪) રૂફટોપ સોલાર વીજળી માટે સબસીડી દ્વારા બે લાખ સરકારી તેમજ પ્રાઈવેટ ઈમારતોની છત પર રૂફટોપ પેનલ્સ અપાશે, અને-- (૫) શહેરી વિસ્તારના સ્લમ્સમાં પીપીપી મોડ થી ખાનગી જગ્યામાં આવાસ નિર્માણ માટેની નીતિ બનાવવામાં આવશે, જેથી ઘર વિહોણાંને પોતાનું ઘર મળે અને બાકીની જગ્યા ડેવલપર્સ કોમર્શિયલ રીતે વાપરી શકશે. આ નીતિ હેઠળ ૧૦ એકર જમીન હોય તો પાંચ એકરમાં બાંધકામ કરાશે. --૭મી ઓગષ્ટે આ પાંચ કાર્યક્રમોનો આવિષ્કાર ગાંધીનગરના મહાત્મા મંદિરમાં કરવામાં આવશે.